|| શ્રી મહાવીરાય નમઃ ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૭ જુલાઈ ૨૦૨૪** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**OPEN BOOK / REGULAR** **શ્રેણી – ૧૪** **WRITER YES / NO**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | SUPARVISOR SIGN. | |

**MARKS**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

(૧૦)

**પ્ર.૧ સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૬)**

૧. મંડિ **પાહુડિયાએ બલિ પાહુડિયાએ ઠવણા પાહુડિયાએ સંકિએ** સહસાગારે

૨. પક્ષતે **તં જહા સુત્તાગમે અત્થાગમે તદુભયાગમે** એવા શ્રી

૩. સમ્મં **કાએણં ન ફાસિયં ન પાલિયં ન તીરિયં** ન કિટ્ટિયં

**(૨) ૨૫ મિથ્યાત્વના આધારે લખો.** **(૨)**

૧. ચંદ્રપ્રભુના ફોટોની પૂજા કરી હોય **લોકોત્તર મિથ્યાત્વ**

૨. પ્રતિક્રમણની શું જરૂર છે? ભાવ પ્રતિક્રમણ કરી લેવાનું. **અકિરિયા મિથ્યાત્વ**

૩. અમે તે સર્વ ધર્મ સમભાવમાં માનીએ છીએ. **અણાભિગ્રહિક મિથ્યાત્વ**

૪. જીવને શરીર વ્યાપી નહિ દીવાની જ્યોત જેટલો જ માને. **જિન માર્ગથી ઓછું પ્રરૂપે તે મિથ્યાત્વ.**

**(૩) બીજા શ્રમણસૂત્રના આધારે લખો.** **(૨)**

૧. જે દ્રાક્ષ બીવાળી હોય તે લીધી હોય. **બીય ભોયણાએ**

૨. ગોચરી લેતી વખતે દૂધના છાંટા ઉડ્યા હોય. **પારિસ્સાડણિયાએ**

૩. અંધારા ઓરડામાંથી લાવેલી વસ્તુ વહોરી હોય. **અદિટ્ઠહડાએ**

૪. દેવતાને ભોગ ચડાવવા માટેનો આહાર લીધો હોય. **બલિ પાહુડિયાએ**

(૭૫)

**પ્ર.૨ (અ) પુચ્છિંસ્સુણં સૂત્રના આધારે લખો. (૩૦)**

**(૧) નીચેની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૨)**

૧. અણુત્તરં **ધમ્મમુઈરઈત્તા, અણુત્તરં ઝાણવરં ઝિયાઈ ।**

**સુસુક્કસુક્કં અપગંડસુક્કં, સંખિંદુ એગંતવદાત** સુક્કં ॥

**અર્થ : તે ભગવાન મહાવીર સર્વોત્તમ ધર્મ પ્રકાશનારા, ઉજ્જવળમાં ઉજ્જવળ, દોષરહિત, ઉજ્જવળ શંખ અને ચંદ્રની પેઠે એકાંત ઉજ્જવળ, સર્વ ધ્યાનોમાં પ્રધાન એવું શુક્લધ્યાન ધરતા હતા.**

૨. પુટ્ઠે **નભે ચિટ્ઠઈ ભૂમિવટ્ઠિએ, જં સૂરિયા અણુપરિવટ્ટયંતિ ।**

**સે હેમવણ્ણે બહુણંદણે ય, જંસી રતિં વેદયંતિ** મહિંદા ॥

**અર્થ : તે મેરુપર્વત ભૂમિ સ્થિત રહીને પણ આકાશને સ્પર્શી રહ્યો છે એટલે ત્રણ લોકને સ્પર્શી રહ્યો છે. તેની આજુબાજુ સૂર્ય પ્રદક્ષિણા કરે છે, સુવર્ણ જેવી કાંતિવાળો છે અને અનેક નંદનવનોથી શોભી રહ્યો છે, જેના પર મોટા ઈન્દ્રો આવીને પણ આનંદ અનુભવે છે.**

૩. જહા **સયંભૂ ઉદહીણ સેટ્ઠે, નાગેસુ વા ધરણિંદમાહુ સેટ્ઠે ।**

**ખોઓદએ વા રસ વેજયંતે, તવોવહાણે મુણિ** વેજયંતે ॥

**અર્થ : જેમ સમુદ્રોમાં સ્વયંભૂરમણ સમુદ્ર, નાગકુમાર દેવતાઓમાં ધરણેન્દ્ર, રસમાં ઈક્ષુ રસ શ્રેષ્ઠ છે, તેમ તપ અનુષ્ઠાનમાં શ્રી ભગવાન મહાવીર સર્વ મુનિઓ કરતા શ્રેષ્ઠ હતા.**

૪. સે વારિયા **ઈત્થિ સરાઈભત્તં, ઉવહાણવં દુક્ખખયટ્ઠાએ ।**

**લોગં વિદિતા આરંપારં ચ, સવ્વં પભૂ વારિયં** સવ્વવારં ॥

**અર્થ : તે ભગવાને રાત્રિભોજન સહિત સ્ત્રી સંસર્ગ ત્યાગીને દુઃખ ક્ષય માટે, ઉપધાન તપથી દેહ સૂકવી નાંખ્યો. આલોક અને પરલોકના સ્વરૂપને જાણીને સર્વ પાપસ્થાનોને પ્રભુએ નિવાર્યા.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૬)**

૧. દંતવાક્ય એટલે **વાકય પાળનારો–ચક્રવર્તી** ૨. નંદનવન એટલે **દેવોનું ક્રીડાસ્થાન.**

૩. અનવદ્ય વચન એટલે **કોઈને પીડા ન ઉપજાવે તેવું વચન** ૪. તપમાં વિશેષ **ઉપધાન તપ**

૫. લવ સપ્તમ દેવો એટલે **પાંચ અનુત્તરવાસી દેવો** ૬. શુક્લધ્યાન **વિશુદ્ધ, નિર્મળ**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૫)**

૧. ભગવાન કોના મધ્યબિંદુ હતા? **ભગવાન ધર્મસાધકોની ભક્તિના મધ્યબિંદુ હતા.**

૨. મેરુ પર્વતોની ટોચ પર શું છે? **ટોચ પર પંડગવન ધ્વજાની માફક શોભી રહ્યું છે.**

૩. ભગવાન શેની આકાંક્ષા રહિત હતા? **ભગવાન લોક-પરલોકની આકાંક્ષા રહિત હતા.**

૪. ૩૬૩ પાખંડીમાં કોનો સમાવેશ થાય છે? **ક્રિયાવાદી, અક્રિયાવાદી, વિનયવાદી,અજ્ઞાનવાદી.**

૫. ભગવાન શેનાથી ઉર્ધ્વમુખી હતા? **ભગવાન અહિંસા વગેરે સિદ્ધાંતોથી ઉર્ધ્વમુખી હતા.**

**(૪) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

૧. મહોદહી **મહાન ઉદધિને** ૨. એયાણિવંતા **તેનો ત્યાગ કરીને**

૩. ઈસીણ **ઋષિઓમાં** ૪. ઓહંતરે **સંસાર સાગરને તરનારા**

૫. મજ્જે **વચ્ચે** ૬. સમાહિયં **સમ્યક્ પ્રકારે**

**(૫) નીચેના શબ્દોનું માગધી લખો. (૪)**

૧. પ્રતીત થાય છે **પણ્ણાયતે** ૨. દેવલોકમાં **દિવિ ણં**

૩. વિશોધન, ક્ષય કરીને **વિસોહઈત્તા** ૪. યથાતથ્ય **જહાતહેણં**

**(આ) કાયસ્થિતિના આધારે લખો. (૩૦)**

**(૧) કોઠો બનાવીને નીચેના બોલની જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ લખો. (૧૦)**

| બોલનું નામ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧. વનસ્પતિકાળ પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા હજાર વર્ષ |
| ૨. સાસ્વાદન સમકિત | ૧ સમય | ૬ આવલિકા |
| ૩. સંજ્ઞી | અંતર્મુહૂર્ત | પ્રત્યેક સો સાગર સાધિક |
| ૪. બોલતો મચ્છર | અંતર્મુહૂર્ત | સંખ્યાતોકાળ |
| ૫. તેઉકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા દિવસ |
| ૬. સકષાયી<br>સકષાયી સાદિ સાંત | -<br>અંતર્મુહૂર્ત | અનાદિ અનંત, અનાદિ સાંત, સાદિ સાંત<br>દેશે ઊણું અર્ધ પુદ્ગલ પરાવર્તન |
| ૭. આરણ દેવલોક | ૨૦ સાગર | ૨૧ સાગર |
| ૮. કાયયોગ | અંતર્મુહૂર્ત | અનંતકાળ (વનસ્પતિકાળ) |
| ૯. અવધિદર્શન | ૧ સમય | ૧૩૨ સાગર સાધિક |
| ૧૦. કાય પરિત્ત | અંતર્મુહૂર્ત | અસંખ્યાતો કાળ (પૃથ્વીકાળ) |

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૧૩)**

૧. કાળના પ્રકાર લખી અનંતકાળમાં કોનો સમાવેશ થાય છે? તે લખી સમજાવો. (૫)

**કાળના પ્રકાર : બાદર કાળ, પુઢવી કાળ, અર્ધપુદ્‌ગલ પરાવર્તન કાળ, વનસ્પતિ કાળ. અનંતકાળમાં અર્ધપુદ્‌ગલ પરાવર્તન કાળ, વનસ્પતિ કાળનો સમાવેશ થાય છે.**

**અર્ધપુદ્‌ગલ પરાવર્તન કાળ : દ્રવ્યથી અનંત અવસર્પિણી–ઉત્સર્પિણી કાળ, ક્ષેત્રથી અનંતો લોક, કાળથી અનંતો કાળ, ભાવથી અર્ધપુદ્‌ગલ પરાવર્તન કાળ.**

**વનસ્પતિ કાળ : દ્રવ્યથી અનંત અવસર્પિણી–ઉત્સર્પિણી કાળ, ક્ષેત્રથી અનંતો લોક, કાળથી અનંતો કાળ, ભાવથી અસંખ્યાત પુદ્‌ગલ પરાવર્તન કાળ. તે આવલિકાના અસં. ભાગમાં જેટલા અસં. સમય જાય તેટલા પુદ્‌ગલ પરાવર્તન.**

૨. સિદ્ધપણાનો અંત શા માટે નથી? **રાગ–દ્વેષના કારણરૂપ કર્મનો સર્વથા ક્ષય કર્યો છે.** (૧×૮)

૩. વેદકની ઉત્કૃષ્ટ સ્થિતિ કોની અપેક્ષાએ બતાવી? **વેદકની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્ષયોપશમ વેદકની અપેક્ષાએ બતાવી.**

૪. અવધિદર્શન કોને હોય છે? **વિભંગજ્ઞાની અને અવધિજ્ઞાનીને અવધિદર્શન છે.**

૫. સંસાર પરિત્ત એટલે શું? **જેણે સમ્યક્‌ત્વ આદિ દ્વારા પોતાના ભવભ્રમણને પરિમિત કરી લીધેલ છે.**

૬. જીવ પ્રથમ ત્રણ સમય સુધી અણાહારક ક્યારે રહે છે? **જ્યારે ચાર સમયની વિગ્રહ ગતિ હોય ત્યારે જીવ પ્રથમ ત્રણ સમય સુધી અણાહારક રહે છે.**

૭. પદ્મલેશ્યાની ઉત્કૃષ્ટ કોની અપેક્ષાએ છે? **પદ્મલેશ્યાની ઉત્કૃષ્ટ બ્રહ્મલોક દેવલોકની અપેક્ષાએ છે**

૮. ક્યાં સુધી જીવ અકષાયી રહી શકે છે? **શ્રેણીથી પડવાની અપેક્ષાએ ઉ. અંત. સુધી અકષાયી રહે છે.**

૯. યોગનો સર્વથા અભાવ ક્યાં છે? **યોગનો સર્વથા અભાવ ૧૪ મા ગુણ. અને સિદ્ધ અવસ્થામાં છે.**

**(૩) ખાલી જગ્યા પૂરો.** **(૭)**

૧. જ્યારે કોઈ ......., ......., ...... જીવ તિર્યંચયોનિમાં ઉત્પન્ન થાય છે. **દેવ, મનુષ્ય, નારકી**

૨. ....... થી ........ માં દરેક જીવ સળંગ સંખ્યાતા ભવ સુધી જ રહી શકે છે. **બેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય**

૩. ........ અને ....... યોગની કાયસ્થિતિ જ. ૧ સમયની છે. **મન, વચન**

૪. ........ અને ........ માં દરેક અંતર્મુહૂર્તે લેશ્યા બદલાય છે. **મનુષ્ય, તિર્યંચ**

૫. સંયતિની ....... ની અપેક્ષાએ સ્થિતિ ૧ સમયની છે. **પરિણામ**

૬. નારકીની ઉ. સ્થિતિ ...... અને સમુચ્ચય જીવની ...... છે. **૩૩ સાગરોપમ, શાશ્વત**

૭. દશમો દ્વાર ...... અને તેરમો દ્વાર ...... છે. **જ્ઞાન, ઉપયોગ**

**(ઇ) બાર તપના આધારે લખો.** **(૧૫)**

**(૧) ખાલી જગ્યા પૂરો.** **(૧૦)**

૧. ...... અને ...... નું ચિંતન કરવું. **સૂત્ર, અર્થ**

૨. દ્રવ્ય ઉણોદરીના ...... અને ...... ભેદ છે. **ઉપકરણ, ભક્તપાન**

૩. ...... અને ...... ને આવતા જોઈને ઊભા થવું. **ગુરુજન, રત્નાધિક**

૪. ...... અને ...... આતાપના લે. **ઠંડી, ગરમી**

૫. ......, ......, ...... આદિથી સેવા કરવી તે વૈયાવચ્ચ. **આહાર, પાણી, ઔષધ**

૬. ...... રહીને અથવા ...... દાતાથી આહાર લે. **મૌન, મૌન**

૭. ......, ......, ......, ...... ધરવા. **ક્ષમા, વિનીતતા, સરળતા, સંતોષ**

૮. આત્મ ભાવોથી ભિન્ન ભાવોનો ત્યાગ કરવો તે ...... . **ભાવ કાયોત્સર્ગ**

૯. હલકા પ્રકારના ......, ...... આદિનો આહાર કરે. **ચણા, વાલ**

**(૨) યોગ્ય વિકલ્પ પર ટીક કરો.** **(૫)**

૧. જ્ઞાનપૂર્વક કઈ વસ્તુનો ત્યાગ કરે? (**દોષિત**, દોષો, પાપિત)

૨. અવકાલિક અણસણના ભેદ? (**૬**, ૨૦, ૨૬)

૩. વઘાર વિનાનો કેવો આહાર કરે? (રસહીન, અપ્રિય, **નીરસ**)

૪. ધ્યાનમાં શેની એકાગ્રતા કરવાની? (**મન**, વચન, કાયા)

૫. બાર પ્રકારના તપ કયા સૂત્રનો અધિકાર છે? (ઉત્તરાધ્યયન, ઠાણાંગ, **ઉવવાઈ**)

**(૧૫)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

૧. પ્રથમ તીર્થંકરના શાસનમાં સાધુઓ કેવા હોય? **સરળ, મંદ કષાયી**

૨. દાનવમાં કયા દેવ લેવાના? **ભવનપતિ, ગંધર્વ**

૩. કુમાર શ્રમણ કેશી સ્વામી શેના પારગામી હતા? **જ્ઞાન, ચારિત્ર**

૪ . પાર્શ્વનાથ ભગવાન કોનાથી પૂજાયેલા હતા? **નરેન્દ્ર, દેવેન્દ્ર**

૫. ભગવાન મહાવીરે કેવા વસ્ત્ર બતાવ્યા છે? **પ્રમાણસર, અલ્પમૂલ્ય**

૬ . શેના હિતાહિતને સમજીને સન્માર્ગે ચાલવાનું છે? **કુમાર્ગ, ઉન્માર્ગ**

૭. સંવાદમાં શેનો ઉત્કર્ષ થયો? **શ્રુતધર્મ, શીલધર્મ**

૮. અમોઘ શસ્ત્ર ક્યું છે? **સંતોષ ભવતૃષ્ણા છેદન કરવા માટેનું અમોઘ શસ્ત્ર છે.**

૯. દ્વીપ કેવો છે? **આધારરૂપ, ગતિરૂપ અને ઉત્તમ શરણરૂપ છે.**

૧૦. મોક્ષના વાસ્તવિક સાધન ક્યા છે? **સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર**

૧૧. ગૌતમ સ્વામી શેના પારગામી હતા? **વિદ્યા, જ્ઞાન અને ચારિત્રમાં પારગામી હતા.**

૧૨. કેશી કુમાર શ્રમણે ગૌતમ સ્વામીને શું આપ્યું? **શાલી, વ્રીહિક, કોદ્રવ, રાળ, ડાભના તૃણનું આસન આપ્યું.**

૧૩. સ્નેહનું બંધન ક્યું છે? **રાગ, દ્વેષ, પુત્ર, પરિવાર, સ્વજન આદિ સ્નેહનું બંધન છે.**

૧૪. ધ્રુવ સ્થાન ક્યાં આવેલું છે? **ધ્રુવ સ્થાન લોકના અગ્રભાગ પર આવેલું છે.**

૧૫ . પ્રતિસંલીનતા દ્વારા શું રોકવું જોઈએ? **પ્રતિસંલીનતા દ્વારા ઈન્દ્રિયોની અશુભ ક્રિયાને રોકવી.**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૨)**

૧. નાસ્તં **કદાચિદુપયાસિ ન રાહુગમ્યઃ સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગન્તિ ।**

**નામ્ભોધરોદર નિરૂદ્ધ મહાપ્રભાવઃ, સૂર્યાતિશાયિ મહિમાઽસિ મુનીન્દ્ર !** લોકે ।।

**અર્થ : હે મુનીન્દ્ર ! આ લોકમાં આપનો મહિમા સૂર્યથી પણ અધિક છે કેમ કે કેવળદર્શનરૂપી સૂર્ય ઉગ્યા પછી તે કદી આથમતો નથી, રાહુ તેને ગ્રહણ કરી શક્તો નથી. ત્રણે જગતને શીઘ્રતાથી એકી સાથે પ્રકાશિત કરી શકો છો, તેમ જ કાળા વાદળા પણ આપના દર્શનરૂપી મહાપ્રભાવને આવરી શક્તા નથી.**

૨. ત્વામા **મનન્તિ મુનયઃ પરમં પુમાંસ, માદિત્ય વર્ણમમલં તમસઃ પુરસ્તાત્ ।**

**ત્વામેવ સમ્યગુપલભ્ય જયન્તિ મૃત્યું, નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીન્દ્ર!** પન્થાઃ ।।

**અર્થ : હે મુનિન્દ્ર! મુનિઓ આપને પરમ પુરુષ, અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન તેજસ્વી, નિર્મળ માને છે, એવા આપને રૂડી રીતે ભજીને મૃત્યુને જીતી જાય છે. તેથી મુક્તિપ્રદ કલ્યાણકારી માર્ગ આપના વીતરાગ માર્ગ સિવાય બીજો કોઇ જ નથી.**

૩. વક્ત્રં **ક્વ તે સુરનરોરગનેત્રહારિ, નિઃશેષ નિર્જિત જગત્ ત્રિતયોપમાનમ્ ।**

**બિમ્બં કલંક મલિનં ક્વ નિશા કરસ્ય?, યદ્વાસરે ભવતિ પાણ્ડુપલાશ** કલ્પમ્ ।।

**અર્થ : હે પ્રભો ! જેણે દેવ, મનુષ્ય અને ભવનપતિ દેવોના નયનનું હરણ કર્યું છે અને ત્રણે ય જગતના ઉપમાનોને સંપૂર્ણપણે જીતી લીધેલા છે એવું તમારું મુખમંડળ ક્યાં? ને કલંકથી મલિન થયેલું તથા દિવસે જીર્ણ થયેલા પાંદડાની જેમ ફિક્કુ પડી જતું ચંદ્રનું મંડળ ક્યાં?**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૩)**

૧. મેરૂ પર્વતના શિખરને કોણ કંપાવી ન શકે?

**મેરૂ પર્વતના શિખરને પ્રલયકાળનો પ્રચંડ પવન પણ હલાવી ન શકે.**

૨. ચંદ્રનું મંડળ કેવું છે?

**કલંકથી મલિન થયેલું અને દિવસે જીર્ણ થયેલા પાંદડાની જેમ ફિક્કું પડી જતું ચંદ્રનું મંડળ છે.**

૩. કાળા વાદળા કોને આવરી શક્તા નથી? **આપના દર્શનરૂપી મહાપ્રભાવને આવરી શક્તા નથી.**

**જય – જિનેન્દ્ર**

- PLEASE CONATADØCT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
- NEXT CLASS STARTS AUGUST 6TH/7TH MONDAY AND TUESDAY
- TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914DA
- FOR BOOKS AND EXAM REGISTRATION